# વના જેતાની વાતું

[ ભાગ-1 ]

સ્થળ : મધ્યમ શહેરનો સોસાયટી વિસ્તાર

જૈફ વયે પહોંચેલા સફાઈ કામદાર વના જેતા
અને તેના મુકાદમ વચ્ચેની વાતચીત.

"વના જેતા!"

"– હાજર સાયેબ, પાયલાગણ મા'બાપ."

- "કેમ સાવ છેવાડે રઈ ગ્યો?"

  "– આપડે જ સેવાડે રઈ પસે કોઈ સેવાડાવાળાની ચંત્યા
  તો નંઈ. સાચું ને સાઈબ?"

- "વના જેતા,
  સર્વોદય સોસાયટી શેરી નંબર-૪નો રોડ
  બરોબર વાઈળો છે ને?
  ડેપુટી કાલે રાઉન્ડ મારવાના છે,
  ફરિયાદ નો આવવી જોઈ સઈમજો?"

  – "વાળીઝૂડીને સોખ્કો સણાક – ચાચરચોક જેવો માબાપ.
  અંબામાને પગલાં પાડવાનું મન થાવું જોવે."

- "એલા તારાં છોકરાંવ કેટલાં?
  ઈ ભણશે કે ઈ'યે ઢૈડો કરશે તારી જેમ?"

  – "તણ છોકરાંવ. બે દેવે દીધા દીકરા
  ને એક માતાજીએ દીધી દીકરી.
  ભણવાનું તો સાઈબ...
  ભણે નરસી મે'તો, ભણે શિવાણંદ ને
  ભણે મારો દાસી જીવણ.
  અમે તે શું ભણી સાઈબ.
  બે-ચાર ચોપડી વાંસી છોકરાં રોજી રળશે ધરમની.

ને હુંય ક્યાં દાડા, વૈતરાં કે ઢૈડાં કરું છું સાઈબ.
રાજીનો રોટલો રળું છું રામે દીધો."

- "વના જેતા, તારે કાંઈ ટુકડો જમીન, ખેતર, ખોઈડા ખરાં?"

  – "અલખનો ઓટલો સેને સાઈબ ને
  રાતે ઉપર નવલખ સંદરવો.
  ઈ આખેઆખો મારો જ ને બાપ."

- "એલા તારી કાંઈ બાપકમાઈ ખરી કે નંઈ?"

  – "આ દખ જ બાપીકું ક્યો'તો બાપીકું
  ને પોતીકું ક્યો'તો બાપીકું.
  આ દખનું જ અમને ભારી સખ.
  ઈના ભારી હેવા ઈના વગર સોરવે જ નંઈ,
  ઈના વન્યા ટુકડો હેઠ નો ઊતરે."

- "વના જેતા અનામતની તને કાંઈ ખબર્ય?"

  – "દર બે-પાંસ વરહે મતેય લઈ'ગ્યા પોટલી મોઢે
  ને અનામતેય ક્યારના ઢઈડી ગ્યા પોટલા મોઢે
  અમે ઈની રમત-મમતમાં ક્યાં પડિયે સાઈબ."

- "તું પરમાટી ખાશ વના જેતા?"

  – "પરમાટી તો સુ સાઈબ,
  અળસિયાની જેમ માટીય ખાવી પડે.
  જલમ જલમના પુન કે
  જેવાતેવા તોય જીવતર મઈળા મનેખના.
  ઈને કાંઈ રોળી નખાય? જતન તો કરવું પડે ને બાપ.
  ગમે તેંવું તોય મનેખનું ખોળિયું સાઈબ.
  અંદરનો રામ રાજી રે'વો જોવે.
  ને પરમાટી સાઈબ,
  ખોટું નંઈ બોલું મા'બાપ, ઉપરવાળો પુગે મને
  ગામને પાદર ઢોરાં ઠોલતાં ગીધડાંવ ઉડાડી ઉડાડી

ચામડાં ચીઈરાં છ લાલપીળા લાબરા લીલા જેવા.
પણ, હવે પેધેલા લોંઠકા આ ગીધડાંવ હારે
એમ હામ નો ભીડી હકી.
અમારું ગજું નંઈ સાઈબ."

- "વના જેતા, તું ભજન તો કરતો હઈસ, ખરું કે નંઈ?"

– "અમારે તો બાપ, ભોજન ઓછાં ને ભજન વધારે.
ઈ'નાથી કાંઈ વધારે છે સાઈબ?
ગામમાં બોલાવી જાય સંધાય.
ભોજન તો અમે ક્યાં દંઈ, કિમ દંઈ?
પણ ભજનની ના નંઈ.

લોક ક'યે 'ભગત જાતે હલકા પણ હલક ભારી'
સુંદડીનાં, પિયાલાનાં નોખાંનોખાં ભજન ગાંઉ અસલનાં.
પણ સા'નો (ચાનો) પિયાલો તો ભેગો જ રાખું સાઈબ.
સા કાંઈ થોડી ખોબામાં પિવાય સ?
લોક ભલે બોલે પણ મરઘાંથી નંઈ,
નરઘાંથી પેટ ભરાય સાઈબ.
નરઘું બોલે ને પેટમાં ટાઢક વળી જાય.
સાતે'ય કોઠે દીવા બાપ."

- "વના જેતા,
સચરાચર મે વઈર્‌હો'તો ઓણુકો
બારે મેઘ ખાંગા થ્યા'તા,
સીમ ખેતર લે'રાણા'તા યાદ છે?"

– "કિમ ભુલાય સાઈબ
લથબથ ભીંજાણો'તો સાઈબ,
બારે બાર મે'માં ભીંજાણો તો ભરપૂર.
ખેતરમાં મોતીડા જેવી બાજરી ધરપીને ધાવી'તી
દૂધમલ ડૂંડાને.

– "જોયું'તું સીમમાં.
પસે તો મે'ભેગો મોલ ક્યાં ઊડી ગ્યો ઈ ખબર નંઈ.
પસે તો રાડા જોયા'તા રાડા – સુક્કાભઠ્ઠ
તોય અમે રાડારોળ નો' કરી કે નો પાડી રાડું."

- "વના જેતા, આ તારા માથે ધોળા ભાળું તો ગાંધીબાપુનું
  કાંઈ ઓહાણ ખરું?"

  – "ધોળા તો બાપ આ તડકાના. સાંયો નંઈ ને ઈમાં.
  હા, બાપુ થઈ ગ્યા કો'ક મા'તમા – પોતડી પેરતા ખાલી.
  ઓલા સોકમાં ઈમનું પૂતળું –
  લાગે'કે લાકડી લઈ મંડશે હાલવા.
  લાકડી તો જોયે સાઈબ.
  મા'તમાનો સોક સોખ્ખો રાખું
  વે'લી સવારે સાનામાના નવરાવી યે દઉં
  મારી ડ્યૂટીમાં નંઈને તોય.
  ખોટું નંઈ કંઉ સાઈબ
  સૂતરની આંટી જોઈ ઈમ થાય કે દોરો એક ખેંચી
  મારું પે'રણ સાંધી લઉં
  પણ પસે મા'તમાને પોતડીમાં જોઉં ને થાય
  'ફટ ભૂંડા.'"

- "ને બાબાસાહેબને ઓળખે ને?"

  – "સાઈબ, ઈ યે કો'ક બાબા થઈ ગ્યા.
  કયે છે કે બાપુની જીમ ઈ યે અમારું બઉ રાખતા
  આ બાબા તે અત્તારના બાબા જેવા નંઈ સાઈબ
  તંયે તો બધા કે'તા હઈશે ને બાબાસાયબ! બાબાસાયબ!"

- "વના જેતા,
  ખબર છે આ નવખંડ ધરતીમાં માછલાથી માંડી બુદ્ધ સુધી
  એણે અવતાર ધઈરો સે ખાલી આ ભરતખંડમાં?"

"– મને તો ઈની કાંઈ ખબર્ય નંઈ સાઈબ.
એટલી ખબર્ય કે
ઉપરવાળો હાજરાહજૂર છે સંધેય, ને અજવાળે છે સંધુય."

- "વના જેતા
બઉ મજા આવી તારી હારે વાતું કરવાની."

"– વાતુંનું તો એવું ને માબાપ કે મજો જ આવે,
કરવાવાળું જોવે.
હું તો વાતું કરું સકલા હારે, ઝાડવા હારે
આભલા હારે કે માયલા હારે.
વાતું તો ખૂટે જ નંઈ સાઈબ.
સખદખના સીમાડા હોય સાઈબ, સાચું ક નંઈ?
વાતુંના તે હોય?
ઈ તો મે'રામણ, લેરાય!"

- "વના જેતા,
મોડું થાય છે મને. તારી વાતું તો સાંજ પાડી દેસે.
કાલ પાછા ડેપુટી...
લે સરખો બોળી આંયાં દઈ દે અંગૂઠે ને ગણી લે બરોબર.
પાછો આવીસ નિરાંતે. અત્તાર મોડું થાય છે.
લે, દઈ દે અંગૂઠો."

"– લો દઈ દઉં સાઈબ
તમે ઈવડા ઈ મા'તમા થોડા સો કે સંચોડો માગી લેહો.
આ આંગળિયું ભેળો અંગૂઠો સે તાં લગણ
વાંધો નથ સાઈબ.
ને, ગણવાની તો વાત જ નો' કરો સાઈબ.
તમેય ઉપરવાળાની સાખે જ ગઈણા હશે ને સાઈબ.
લો, તારે રામેરામ સાઈબ, રામેરામ."

*પરમાટી એટલે માંસ, આમિષ આહાર*
*સંચોડો એટલે આખેઆખો કે પૂરેપૂરો*
*ઓહાણ એટલે સ્મૃતિ, યાદ.*

# વના જેતાની વાતું

[ ભાગ-2 ]

સ્થળ : મધ્યમ શહેરનો સોસાયટી વિસ્તાર

પાત્રો : જૈફ વયે વહોંચેલા સફાઈ કામદાર વના જેતા અને તેના મુકાદમ

મુકાદમ :
"કાં વના જેતા સુવાણ છે ને?"

- વના જેતા :
"આવો મા-બાપ, પાય લાગણ બાપ, ઘણા ટેમે[1] તમારા દરશન થ્યા."

મુકાદમ :
"આણી કોર નીકળો'તો તો થ્યું તને મળતો જાવ."

વના જેતા :
"અમારા ભાયગ સાઇબ."

મુકાદમ :
"કેમ કાંઈ નંખાઈ ગ્યો કંતાઈ ગ્યો લાગસ?"

વના જેતા :
"ઉંમર તો ઉંમરનું કામ કરેને બાપ."
બાકી જીવતરનું નામ જ જલસો
ખોટી હાયવોય કરી તો પાપમાં પડી."

મુકાદમ :

"હેં વના કેટલાય વરહથી તને આંયાં ને આંયા જ સર્વોદય સોસાયટીમાં જ જોઉં છ. મેં મુન્સીપાલટીના વોરડે વોરડ ફરી લીધાં ને તું આંઈ નો આંઈ?

---

1 *'ટેમે' - ટાઇમે - સમયે*

• વના જેતા :

"બદલી તો ઘણીયું થાતી'તી સાઈબ

મારી અવસ્થા ને મારું કામ જોઈ
ઓછું કામ હોય ને ઉપરથી કપડાં લત્તા મળે એવા લત્તામાં.
પણ તમ જેવા સાયબુંની રે'મ[2] હતી તે મેં કીધું
'સાઈબ, મને પઈઇડો રે'વા દો આંય મા'તમાના ચોકમાં.
હું ભલો ને મારા મા'તમા ભલા.'
કામે ચડતા પે'લા રોજ બાપુને ઓટલે બેહુંને
એટલે ભયો ભયો.
હા, વાર તે'વારે કોઈ ઝંડા લઈ આવે,
વરસમાં બે તણ વાર હાહરતોરાનો તાયફો કરે
ઊપવાસની છાવણી ખોડે
તાર કેટલા દિ' લગણ મારે ને બાપુને છેટું પડી જાય.
બાકી તો અધરાતે મધરાતે કે વે'લી પરોઢે
ગોઠડી જામે મારી બાપુ હારે.

• મુકાદમ

"વના જેતા, જાપાનમાં ઓલી સુનામી ત્રાટકી'તી ઈ જોયું'તુ
મોટી મોટી સ્ટીમરૂં તણખલું જોઈલ્યો.
ઇંગ્લીશ ફિલમ નો જોતા હોય ઇમ લાગતુ'.

• વના જેતા

સાયેબ, છોહરો ટી.વી.માં બતાડતો'તો.
પણ ઈ કાંઈ જોણું[3] થોડું હતું.
આપણાથી જે જોવાય નઈ ઈ ઈમનાથી કેમ સે'વાણું હસે?
દુનિયા રસાતળ જાય ઈ પરલય તે આનું નામ.
કો'કે સાચું જ કીધું છ ને કે
'જે ધરતી પર વીતે સ, ઈ ઈના જાયા પર પણ વીતસે'

---

2 *'રે'મ' - રહેમ*
3. *'જોણું' - તમાશો*

ને આપણે?
ને આપણે તો આપણી આ મા
આ ધરતીના જ ધણી થાવા બેઠાં.
દીકરો ઊઠીને માનો ધણી થાય તો
પાપમાં જ પડે ને
દુનિયા રસાતળ જ જાય ને બાપ!
હું તો ઈ જોવ સાયબ
કે ઓલો જીવો ભરવાડ - ચાની રેંકડીવાળો
સવાર સવારે સોના જેવા તપેલામાં ચા ઉકાળે પેલવેલી
પસે પે'લો કૉપ[4] કુંડાળું કરી
રેડી દેય રોડ પર."

- મુકાદમ :
"આનું નામ જ અંધસધ્ધા. એના તો આખા દિ'ના
વકરામાંથી તો પાંચ ઓછા થ્યાને!"

- વના જેતા :
"ના, બાપ ઈ તો ધરતીને ધરવી કે'વાય.
ધરતી ધરપીને રયે તો આપણે ધરપીને રંઈ.
કોઈ સોનાનો કળશ ચડાવે
કોઈ અનકૂટ ધરાવે તો
કોઈ એક કૉપ ચા.
બધું સરખું
ઓલા દેવ પરસાદ તો આરોગતા હઈશે કે નંઈ
ઇ ખબર નંઈ,
પણ ધરતી તો પ્રેમ પાઈ ચા પી જાય બાપ!"

- મુકાદમ :
"વના, તારો પગ કાંક ઝલાતો હોય એવું કાં લાગે?"

---

*4. 'કૉપ' - ચાનો કપ*

- વના જેતા :

  "આટલા બધા અંગ હોય તો કો'ક તો કવરાવે ને!
  પણ, બધાને સાચવી થાબડીને રાખવાના."

- મુકાદમ :

  "એલા તને મરવાની બીક લાગે કે નંઈ?
  મને તો હમણાં ઈનો ભો[5] પેહી ગ્યો છ.
  રાતવરતે જબકીને જાગી જાઉં છ."

- વના જેતા :

  "બીક તો નો લાગે
  પણ ખોટું કંઈ કવ મા'બાપ - થોડું દુખ તો થાય.
  માયા ઈમ કાંઈ અમથી થોડી સૂટે છ!
  બાકી અમરપટો પે'રીને તે કોણ આઈવું છ?

  રાજા રામે ય ગ્યા
  મારો કાળિયો ઠાકરે ય ગ્યો
  તો આપણે વળી કઈ વાડીના મૂળા
  કે એવી મમત કરીયે
  કે ના હું તો આંયા રઈસ
  ધરતી રે તાં લગણ હું તો આંયા રઈશ
  આ ધરતી ય નથ રે'વાની તો હું કોણ?
  અને વસ્તારનો મોહ હોય તો આપણા વસ્તાર માટે
  જગા તો કરી દેવી જોય કે નંઈ!
  નંઈતર પગ મેલવાની જગા નંઈ રયે સાયબ.

  હંસલો ભલેને ઇમનો ઇમ ર'યો.
  દેવળ તો જૂનું થાય ને બાપ.
  એ પાછા આવસું ને લેરિયાં લેસું."

---

*5 'ભો' - ભય*

- મુકાદમ :
  "તું તો મારો ગુરુ નીકળો.
  વના ભગત, તમે તો મારો ભો ટાળી નાઈખો.

  વના જેતા :
  હું તો નુગરો સું બાપ,
  ગુરુ તો મારો આતમરામ.
  ઈની કંઠી બાંધી સે."

- મુકાદમ :
  "હાલો ભગત જાંવ ત્યારે."

- વના જેતા :
  "એ પાછા આવો આણી કોર તો હલકારો દે'તા જાજો.
  ઘડી સુવાણ કરસું પાછા. એ રામ રામ બાપ."

  મુકાદમ :
  "એ રામ રામ ભગત."